ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢ અને શ્રી.ગોવિંદગુરૂ યુનિવર્સીટી, ગોધરા ખાતે મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નમય/૧૨૧૫/૭૯/ખ ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૩/૦૭/૨૦૧૬

સંદર્ભ:

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટનો તા.૫/૨/૨૦૧૬નો પત્ર નં.મહેકમ/બ/૨/૧૪૮૨/૨૦૧૬ તા.૫/૨/૨૦૧૬

(૨) ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢનો તા.૧૯/૫/૨૦૧૬નો પત્ર ક્રમાંક: બીકેએનએમયુ/એકાઉન્ટ-મહેકમ/૦૪/૨૦૧૬

ઠરાવ:

રાજય સરકાર ધ્વારા રાજયમાં જૂનાગઢ અને ગોધરા ખાતે અનુક્રમે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવી છે. આ બન્ને યુનિવર્સીટીઓ માટે જરૂરી મહેકમ મંજુર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિચારણાના અંતે ઉપરોકત બન્ને યુનિવર્સીટીઓ ખાતે તેઓનું શૈક્ષણિક કાર્ય સરળતાથી અને સુચારુ ઢબે શરૂ કરી શકે તે હેતુથી નીચે મુજબનો શૈક્ષણિક મહેકમ યુનિવર્સીટી દીઠ આથી મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર- ધોરણ | મંજુર કરવામાં આવેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પ્રોફેસર | રૂ.૩૭૪૦૦-૬૭૦૦૦<br>ગ્રેડ પે રૂ.૧૦૦૦૦ | ૦૧ |
| ૨. | એસોસિયેટ પ્રોફેસર | રૂ.૩૭૪૦૦-૬૭૦૦૦<br>ગ્રેડ પે રૂ.૯૦૦૦ | ૦૨ |
| ૩. | આસીસ્ટન્ટ પ્રોફેસર | રૂ.૧૫૬૦૦-૩૯૦૦૦<br>ગ્રેડ પે રૂ.૬૦૦૦ | ૦૪ |
| | કુલ | | ૦૭ |

ઉપરોકત મુજબ નવી મંજુર કરવામાં આવેલ શૈક્ષણિક જગ્યાઓ ભરવાની આથી રાજય સરકારની અનુમતિ આપવામાં આવે છે.

ઉપરોકત મંજુરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરના નાણા વિભાગની તા.૨૩/૫/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (ઉ.શિ) ના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,સોમનાથ. જુના(ગઢ)
- રજીસ્ટ્રારશ્રી, શ્રીગોવિંદગુરૂ યુનિવર્સીટી,ગોધરા
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી,પે એન્ડ પ્રો.ફંડની કચેરી,ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,જુનાગઢ./ગોધરા.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જૂનાગઢ/ગોધરા
- નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ અને શ્રીગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નમય/૨૦૧૫/૭૯/ખ ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૦/૦૪/૨૦૧૭

વંચાણમાં લીધા:

(૧) શિક્ષણ વિભાગના તા. ૦૯/૦૬/૨૦૧૬ અને તા. ૧૩/૦૭/૨૦૧૬ તથા તા.૩૧/૮/૨૦૧૬ નો સરખા ક્રમાંકના ઠરાવ.

(૨) શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીનો તા.૧૩/૦૭/૨૦૧૬નો પત્ર નં.એસ.એસ.જીયુ /એસ્ટા/ વીસી/ ૨૦૧૬/૪૬૪ અને તા.૨૬/૦૮/૨૦૧૬નો પત્ર નં. એસએસજીજીયુ/એસ્ટા/ વીસી/૨૦૧૬/૬૩૩.

(૩) ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢનો તા.૧૪/૯/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ ડીઓ/બીકેએનએમયુ/૧૬૦/૧૬.

ઠરાવ:

રાજય સરકાર ધ્વારા રાજયમાં જુનાગઢ અને ગોધરા ખાતે અનુક્રમે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ની સ્થાપના કરવામાં આવી છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવોથી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મહેકમ મંજુર કરવામાં આવેલ છે. ઉક્ત યુનિવર્સિટીઓ ખાતેની મંજુર કરેલ જગ્યાઓ અપૂરતી હોવાના કારણે વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) થી . ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીની જરૂરી મહેકમ મંજુર કરવા અંગે દરખાસ્ત કરવામાં આવી હતી, જે રાજય સરકારની વિચારણાં હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે તેઓનું શૈક્ષણિક કાર્ય સરળતાથી અને સુચારુ ઢબે કરી શકે તે હેતુથી શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ગોધરા ખાતે નવા શરૂ થતાં બે

વિભાગો માટે આસીસ્ટન્ટ પ્રોફેસર -૨ (બે) જગ્યા રૂ.૧૫૬૦૦-૩૯૦૦૦, ગ્રેડ પે રૂ. ૬૦૦૦ ના પગાર ધોરણમાં અને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે ત્રણ નવા વિભાગો માટે એસોસિયેટ પ્રોફેસર-૧(એક) રૂ.૩૭૪૦૦-૬૭૦૦૦,ગ્રેડ પે રૂ.૯૦૦૦ અને આસીસ્ટન્ટ પ્રોફેસર -૩ (ત્રણ) જગ્યા રૂ.૧૫૬૦૦-૩૯૦૦૦, ગ્રેડ પે રૂ.૬૦૦૦ ના પગાર ધોરણમાં નવી શૈક્ષણિક જગ્યાઓ આથી મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત મંજુરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરના નાણા વિભાગની તા. ૩૦/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપક પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,જુનાગઢ.
- રજીસ્ટ્રારશ્રી, શ્રીગોવિંદગુરૂ યુનિવર્સીટી,ગોધરા
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી,પે એન્ડ પ્રો.ફંડની કચેરી,ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,જુનાગઢ./ગોધરા.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જૂનાગઢ/ગોધરા
- નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ-

નવી બાબત-૨૦૧૮-૨૦૧૯

ઇડીએન-30

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા અંગે

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ભનય-૧૧૧૭- ન.બા.-CHE-૧૭૪-ખ-૨

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૦.૦૫.૨૦૧૮

વંચાણે લીધાઃ-

૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનો તા.૦૩.૦૪.૨૦૧૮નો પત્ર ક્રમાંક:ISC-7/CHE/ નવી બાબત /૨૦૧૮

ઠ રા વ -

સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની કુલ ૧૪ શૈક્ષણિક જગાઓ માટે સને રૂ.૧૩૫.૬૩ લાખ (અંકે રૂપિયા એક કરોડ પાત્રીસ લાખ ત્રેસઠ હજારપુરા) નો ખર્ચ કરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગાનું નામ | જગાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૦૨ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૧૦૦૦૦ |
| ૨ | એસોસીયેટ પ્રોફેસર | ૦૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૯૦૦૦ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૮ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂ.૬૦૦૦ |
| | કુલ | ૧૪ | |

GENERAL REGISTER
Inward No. 808
Date 11/5/18

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો, પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જે-તે જગાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧.૦૪.૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગાઓ ભરતી વખતે બેકલોગની જગા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતીનિયમો અને નિયતભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

૩. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ માંગણી નં.-૦૯, ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯, ઇડીએન-૩૦ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭.૦૫.૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપક પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.

નવી બાબત ૨૦૧૯-૨૦

સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ખાતે શૈક્ષણિક તથા વહીવટી સંવર્ગની ૦૭ નવી જગ્યાઓ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ભનય -૧૨૧૯-CHE-ન.બા.૮૭-ખ૨
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩/૦૮/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૦.૦૭.૨૦૧૯ના પત્ર ક્રમાંક: ISC-7/ CHE /નવી બાબત/૨૦૧૯/૧૯૫૦૫

આમુખ:

સને ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ખાતે શૈક્ષણિક તથા વહીવટી સંવર્ગની ૦૭ નવી જગ્યાઓ માટે રૂ.૨૯.૪૯ લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.આ રકમ ખર્ચ કરવા વહીવટી મંજુરી આપવા સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાના અંતે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ખાતે શૈક્ષણિક તથા વહીવટી સંવર્ગની ૦૭ નવી જગ્યાઓ માટે રૂ.૨૯.૪૯ લાખનો ખર્ચ કરવા નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યા |
|---|---|---|
| ૧ | એસોસીયેટ પ્રોફેસર | ૦૧ |
| ૨ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૨ |
| ૩ | સીસ્ટમ એનાલીસ્ટ | ૦૧ |
| ૪ | સીનીયર કલાર્ક | ૦૧ |
| ૫ | જુનીયર કલાર્ક | ૦૨ |
| | કુલ | ૦૭ |

REGISTRAR OFFICE
Inward No. 2111
Dt. 4/9/2019

GENERAL REGISTER
Inward No. 3031
Date 3/9/19

શરતો:

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્ધારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતી ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ/ ૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્ધારા તા.૦૧.૦૪.૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે..

૧૦. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૧. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૨. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૩. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૪. આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે- તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાંના એક માસ અગાઉ શિક્ષણ વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૫. નાણા વિભાગ દ્વારા જે તે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજુરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી સબંધિત યુનિવર્સિટી/ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ દર્શાવેલ સંબંધિત બજેટ સદર માગણી નં-૯, ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯ માંથી મેળવવાનો રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૯.૦૮.૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપક પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારી, જુનાગઢ.
- સિલેકટ ફાઇલ.

નવી બાબત સને ૨૦૨૧-૨૨

સને ૨૦૨૧-૨૨ અંદાજપત્રમાંભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે શૈક્ષણિક સ્ટાફની ૦૭ નવી જગ્યાઓની વહીવટી મંજુરી આપવા અંગે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ભનય -૧૨૨૦- ન.બા.૩૫૮-ખર

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૨/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૦૮.૦૪.૨૦૨૧ના પત્ર ક્રમાંક: ISC-7/ન.બા./BKNU/૨૦૨૧/૨૭૪૨

આમુખ:

સને ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે ૦૭- શૈક્ષણિક સ્ટાફની નવી જગ્યાઓ માટે રૂ.૮૬.૭૭/-લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.આ રકમ ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાના અંતે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબની ૦૭- શૈક્ષણિક સ્ટાફની નવી જગ્યાઓ માટે રૂ. ૮૬.૭૭/-લાખની નવી બાબત તરીકે ખર્ચ કરવા નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૦૨ |
| ૨ | એસો.પ્રોફેસર | ૦૨ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૩ |
| | કુલ | ૦૭ |

શરતો:

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

GENERAL REGISTER
Inward No. 34243
Date 9/9/2021

REGISTRAR OFFICE
Inward No. 161
Dt. 9/9/2021

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશિયો મુજબ ભરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.--૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩ /જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૦૪.૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૧. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૩. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૪. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૫. આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે- તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ઉચ્ચ ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાંના એક માસ અગાઉ શિક્ષણ

વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ દર્શાવેલ સંબંધિત બજેટ સદર માગણી નં-૯, ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯ માંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪.૦૫.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૨/૨ ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- નાણા શાખા,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- બજેટ શાખા,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારી,જુનાગઢ .
- સિલેકટ ફાઇલ.

Letter No: ED/0498/09/2023 Dt: 25-09-2023

<u>નવી બાબત-</u>

૨૦૨૩-૨૦૨૪

સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢની નવી બાબત તરીકે થયેલ જોગવાઇના ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંક : ED/BKN/e-file/3/2023/0326/KH-2

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૨.૦૪.૨૦૨૩ના પત્ર ક્રમાંક: ISC-7/ન.બા. /BKNMU/૨૦૨૨-૨૩/૧૫૫૧-૫૨

(૨) વિભાગનો તા.૦૫/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક -ED/BKN/e-file/3/2023/0326/KH-2

(૩) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો તા.૦૭/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક – બીકેએનએમયુ/રજી/૧૭૯/૨૦૨૩

<u>ઠરાવ :</u>

કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના પત્રથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે શૈક્ષણિક/ બિન-શૈક્ષણિક સંવર્ગની નવી જગ્યા ઉભી કરવા, સેન્ટર ઓફ એક્સીલન્સ (વાઇલ્ડ લાઇફ એન્ડ કન્ઝરવેશન સ્ટડીઝ), નવા ઇક્વીપમેન્ટસ તથા યુનિવર્સિટીના નવા બાંધકામ માટે રૂ.૧૦૦૦/- લાખની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદર દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૨)થી વિભાગ દ્વારા નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૩)થી મંજુર થયેલ નવી બાબત અંતર્ગત મંજુર કરવામાં આવેલ શૈક્ષણિક જગ્યાઓ અન્વયે બોટની/ માઇક્રોબાયોલોજી / ઝૂલોજીના આસીસ્ટન્ટ પ્રોફેસરની ૦૨ જગ્યાઓ સામે ગુજરાતી ભાષાના ૦૨ આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ અન્વયે નામાભીધાન કરવા અંગેની રજૂઆત કરેલ હતી. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે વંચાણે લીધા ક્રમાંક (૩)થી મંજુર થયેલ નવી બાબત અંતર્ગત મંજુર કરવામાં આવેલ શૈક્ષણિક જગ્યાઓ અન્વયે બોટની/ માઇક્રોબાયોલોજી / ઝૂલોજીના આસીસ્ટન્ટ પ્રોફેસરની ૦૨ જગ્યાઓ સામે ગુજરાતી ભાષાના ૦૨ આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ અન્વયે નામાભીધાન કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૩. આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯-૦૯-૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2023.09.25
11:48:20 +05:30

File No: ED/BKN/e-file/3/2023/0326/KH-2 Higher Education
Approved By: B S Parmar(US,KH-2 Higher Education,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

<u>નવી બાબત-</u>

૨૦૨૩-૨૦૨૪

સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢની નવી બાબત તરીકે થયેલ જોગવાઈના ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : ED/BKN/e-file/3/2023/0326/KH-2

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૨.૦૪.૨૦૨૩ના પત્ર ક્રમાંક: ISC-7/ન.બા. /BKNMU/૨૦૨૨-૨૩/૧૫૫૧-૫૨

<u>ઠરાવ :</u>

કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના પત્રથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે શૈક્ષણિક/ બિન-શૈક્ષણિક સંવર્ગની નવી જગ્યા ઉભી કરવા, સેન્ટર ઓફ એક્સીલન્સ (વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝરવેશન સ્ટડીઝ), નવા ઇકવીપમેન્ટસ તથા યુનિવર્સિટીના નવા બાંધકામ માટે રૂ.૧૦૦૦/- લાખની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે નીચેના કોષ્ટકમાં જણાવ્યાનુસારની ૦૫ નિયમિત પગારધોરણની શૈક્ષણિક જગ્યાઓ તથા સાધનો/બાંધકામ/અન્ય ખર્ચ માટે રૂ.૮૬૫.૭૪/- લાખની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>શૈક્ષણિક જગ્યાઓ</u>

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કુલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર (ઝૂલોજી) | ૦૧ | ૨૭.૪૪ |
| ૨ | એસો.પ્રોફેસર(માઈક્રોબાયોલોજી /બોટની/એન્વાયર્મેન્ટ) | ૦૧ | ૨૫.૦૫ |
| ૩ | આસી.પ્રોફેસર(બોટની/ માઈક્રોબાયોલોજી / ઝૂલોજી) | ૦૨ | ૨૨.૬૩ |
| ૪ | આસી. પ્રોફેસર(ઈતિહાસ) | ૦૧ | ૧૧.૩૨ |
| | કુલ | | ૮૬.૪૪ |

<u>બિન - શૈક્ષણિક જગ્યાઓ</u>

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કુલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ડેપ્યુટી રજીસ્ટ્રાર | ૦૧ | ૨૩.૩૧ |
| ૨ | આસી.લાઈબ્રેરીયન | ૦૧ | ૧૦.૮૭ |
| ૩ | સેક્શન ઓફિસર | ૦૧ | ૭.૭૮ |
| ૪ | જુનિયર ક્લાર્ક | ૦૨ | ૪.૭૮ |
| | કુલ | ૦૫ | ૪૬.૭૪ |

<u>સેન્ટર ઓફ એક્સીલન્સ (વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝરવેશન સ્ટડીઝ)</u>

| ક્રમ | વિગતો | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | રીસર્ચને લગતા સાધનો | ૪૦.૦૦ |
| ૨ | વિદ્યાર્થીઓ માટે રીસર્ચની લગતી સુવિધાઓ | ૧૦.૦૦ |
| | કુલ | ૫૦.૦૦ |

<u>ઇકવીપમેન્ટસ</u>

| ક્રમ | વિગતો | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ડીપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ માટે લેબોરેટરીને લગતા સાધનો | ૧૫.૫૦ |
| ૨ | ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ માટે combiflash chromatography equipment (નંગ-૧) | ૧૫.૫૦ |

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2023.08.05
18:17:41 +05:30

| | | |
|---|---|---|
| | કુલ | ૩૧.૦૦ |

બાંધકામ

| ક્રમ | વિગતો | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | યુનિવર્સિટીનું નવું બાંધકામ | ૬૫૨.૦૦ |
| | કુલ | ૬૫૨.૦૦ |

શરતો:-

1. બાંધકામને અનુરૂપ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં (નોર્મ્સ અનુસાર) કરકસરપૂર્વક વિભાગ કક્ષાએથી વિગતવાર ચકાસણી કરીને ફર્નિચર ખરીદવાનુ રહેશે.
2. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
3. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રકિયા હાથ ધરવાની રહેશે.
4. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
5. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
6. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
7. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
9. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
11. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
12. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
13. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.
17. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજયસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
18. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
19. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
20. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
21. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
22. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
23. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
24. જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
25. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
26. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2023.08.05
18:17:41 +05:30

27. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
28. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
29. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
30. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
31. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
32. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
33. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
34. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
35. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
36. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
37. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
38. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
39. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
40. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
41. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
42. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
43. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
44. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત , લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
45. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
46. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
47. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
48. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
49. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
50. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
51. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
52. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

માંગણી નં ૯ ; **EDN : 30** ;

- બજેટ સદર : મુખ્ય સદર ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ પેટા સદર - ૦૩ - યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ - ૧૦૨ - યુનિવર્સિટીઓને સહાય -૦૯- ઇડીએન -૩૦- યુનિવર્સિટીઓનો વિકાસ અને તેનું વિસ્તરણ (2202-03-102-09)
- બજેટ સદર : મુખ્ય સદર ૪૨૦૨–શિક્ષણ , ખેલકૂદ , કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ જોગવાઈ -૦૧-સામાન્ય શિક્ષણ – ૨૦૩-યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ -૦૩ યુનિવર્સિટીઓનો વિકાસ અને તેનું વિસ્તરણ (૪૨૦૨-૦૧-૨૦૩-૦૩) ·

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩-૦૭-૨૦૨૩ અને તા.૦૨/૦૮/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2023.08.05
18:17:41 +05:30

Letter No: ED/0080/08/2023 Dt: 05-08-2023

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સબંધિત જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2023.08.05
18:17:41 +05:30

Letter No: ED/0992/03/2024 Dt: 28-03-2024

<u>નવી બાબત- ૨૦૨૪-૨૦૨૫</u>

સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢની નવી બાબત તરીકે થયેલ જોગવાઈના ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : ED/BKN/e-file/3/2023/5251/KH-2

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા.૨૨/૦૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: ISC-7/ન.બા./BKNMU/2023-24/442

<u>ઠરાવ :</u>

કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના પત્રથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. જે મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ,જુનાગઢ ખાતે નીચેના કોષ્ટકમાં જણાવ્યાનુસારની ખર્ચ માટે રૂ.૮.૫૬ કરોડની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | બાબત | કુલ ખર્ચ (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ માટે મશીનરી/આઈટી હાર્ડવેર/સોફ્ટવેર | 3.63 |
| ૨ | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ માટે વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે નવી અધ્યતન RFID ટેકનોલોજી સાથેની લાઈબ્રેરી | 0.65 |
| ૩ | યુનિવર્સિટી ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઇલ્ડ લાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ અને તે સંદર્ભેની નિયમિત પગારધોરણની જગ્યાઓ (મહેકમ + બાંધકામ(૨.૭૭/-કરોડ)) | 4.28 |
| | કુલ | 8.56 |

ઉપર મુજબની, સેન્ટર ફોર એક્સેલન્સ ફોર વાઇલ્ડ લાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ શરૂ કરવા માટે નીચે મુજબની ૦૫ નિયમિત પગારધોરણની જગ્યાઓ ઉભી કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ |
|---|---|---|
| 1 | ડાયરેક્ટર ઓફ સેન્ટર ઓફ એક્સીલેન્સ | ઉક્ત જગ્યાઓનો પગાર ધોરણ માટે નાણાં વિભાગના પગાર એકમ શાખાની અલગથી મંજુરી લેવાની રહેશે. |
| 2 | સાયન્ટીસ્ટ ડી | |
| 3 | સાયન્ટીસ્ટ સી | |
| 4 | ટેકનિકલ આસીસ્ટન્ટ | |
| 5 | ઓફીસ આસીસ્ટન્ટ | |

<u>શરતો-</u>

1. પ્રસ્તુત બાબતે તા.૦૧/૦૪/૨૦૨૪ પછીથી ખર્ચ કરવાનો રહેશે તથા લાગુ પડતી શરતો આમેજ કરવાની રહેશે.
2. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
3. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ACCOUNTS SECTION
Inward No. 466
Dt. 02/04/2024

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2024.03.28
14:14:10 +05:30

File No: ED/BKN/e-file/3/2023/5251/KH-2 Higher Education
Approved By: Deputy Secretary,KH-2 Higher Education,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

GENERAL REGISTER
Inward No. 2204
Date 1/4/24

4. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે સંબંધિત કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
5. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
6. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
7. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.
9. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
11. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
12. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
14. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
15. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
16. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
17. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
18. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
19. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
20. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
21. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
22. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
23. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
24. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
25. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
26. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
27. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
28. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
29. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
30. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.



GENERAL REGISTER
Inward No.......................
Date..............................

55. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
56. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
57. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેનૂટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
58. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
59. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
60. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
61. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
62. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
63. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની સંબંધિત કચેરીએ તકેદારી રાખવાની રહેશે.
64. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
65. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
66. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
67. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
68. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
69. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત ,લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
70. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
71. ઉકત નવી બાબત અંગેની કામગીરી શરૂ કરતાં પહેલાં ચુંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગની અનુમતિ મેળવવાની રહેશે.

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧.૦૩.૨૦૨૪ અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ચુંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગની તા.૨૬.૦૩.૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2024.03.28
14:14:10 +05:30

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢ જિલ્લો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
- નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.
- ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઈલ

નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/SGG/e-file/3/2026/0225/KH-2
સચિવાલય,ગાંધીનગર,
તારીખ:ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણનો તા:૧૯/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: CHE/BUD/e-file/103/2025/2402/UNIVERSITY.
(૨) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણનો તા:૧૬/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક: CHE/BUD/e-file/103/2025/2402/UNIVERSITY.
(૩) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણનો તા:૦૭/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક: CHE/BUD/e-file/103/2025/2402/UNIVERSITY.

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૩) સામેના નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણના તા:૦૭/૦૩/૨૦૨૬નાં પત્રથી વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢમાં નિયમિત જગ્યાઓ, કરાર આધારિત જગ્યાઓ, નવા આઇ.ટી. હાર્ડવેર / સોફટવેર તથા ITના સાધનો અને વાઈસ-ચાન્સેલર બંગલાનાં બાંધકામનાં કામો માટે કુલ રૂ.૮.૮૪ કરોડ નવી બાબત તરીકે જોગવાઈને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ, જે વિભાગની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢમાં નિયમિત જગ્યાઓ, કરાર આધારિત જગ્યાઓ, નવા આઇ.ટી. હાર્ડવેર / સોફટવેર તથા ITના સાધનો અને વાઈસ-ચાન્સેલર બંગલાનાં બાંધકામનાં કામો માટે કુલ રૂ.૮.૮૪ કરોડ નવી બાબતની જોગવાઈને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | નવી બાબતની વિગત | બજેટ સદર | રકમ (કરોડમાં) |
|---|---|---|---|

ESTABLISHMENT
Inward No. 402
Date 17/07/2026

PS to VC
PS to R
Estt
Accounts
AR - cell
Concilia
meet
16/7

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧.૧) નિયમિત જગ્યાઓ:<br>શૈક્ષણિક જગ્યાઓ:<br>આસિસ્ટન્ટ પ્રોફેસર: ૦૪<br>બિન-શૈક્ષણિક જગ્યાઓ:<br>લાઇબ્રેરીયન: ૦૧<br>આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર: ૦૧<br>આસિસ્ટન્ટ સિવિલ એન્જીનીયર: ૦૧<br>આસિસ્ટન્ટ એન્જીનીયર (ઇલેક્ટ્રિક): ૦૧<br>ઇન્ટરનલ ઓડિટ ઓફિસર: ૦૧<br>લેબ આસિસ્ટન્ટ: ૦૧<br>સ્ટોર કીપર: ૦૧<br>૧.૨) કરાર આધારિત / આઉટસોર્સ જગ્યાઓ (૧૧ માસ):<br>લેબ એટેન્ડન્ટ: ૦૩<br>પ્યુન (પટાવાળા): ૨૪<br>માળી: ૦૨<br>સફાઈ કામદાર: ૧૨ | ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯ | ૧.૦૧ |
| ૨ | નવી મશીનરી તેમજ ઇક્વીપમેન્ટની ખરીદી -ડીપાર્ટમેન્ટ ઓફ લાઇફ સાન્સીસના ઉપયોગ અર્થે | ૪૨૦૨-૦૧-૨૦૩-૦૩ | ૦.૩૫ |
| 3 | નવી મશીનરી તેમજ ઇક્વીપમેન્ટની ખરીદી - ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી એન્ડ ફોરેન્સીક સાયન્સના ઉપયોગ અર્થે | ૪૨૦૨-૦૧-૨૦૩-૦૩ | ૦.૫૮ |
| ૪ | સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઇલ્ડલાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝની નવી મશીનરી તેમજ ઇક્વીપમેન્ટ | ૪૨૦૨-૦૧-૨૦૩-૦૩ | ૦.૬૨ |
| ૫ | નવા આઇ.ટી. હાર્ડવેર / સોફ્ટવેર તથા ITના સાધનો (યુનિવર્સિટીના તમામ વિભાગો તથા અનુસ્નાતક ભવનો માટે) | ૪૨૦૨-૦૧-૨૦૩-૦૩ | ૧.૮૯ |
| ૬ | વાઈસ-ચાન્સેલર બંગલો | ૪૨૦૨-૦૧-૨૦૩-૦૩ | ૪.૩૯ |
| | કુલ રકમ | | ૮.૮૪ |

**શરતો:**

**૧. જગ્યા ઊભી કરવા અંગેની શરતો/ભરતી અંગેની સામાન્ય શરતો**

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
3. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
4. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
5. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**૨. પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના**

1. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી,ઉચ્ચ

શિક્ષણની રહેશે.

2. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણાં વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

3. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

<u>3. જગ્યાઓ ની મુદત અને સેવાઓ અંગે</u>

1. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણાં વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

<u>૪.નાણાંકીય ઔચિત્ય</u>

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

<u>૫. આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો</u>

1. આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પૂરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણાં વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટેલેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણાં વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
5. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ,ટીડીએસ ,સર્વીસ

ટેક્ષ ,GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની રહેશે. આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની રહેશે.

6. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની રહેશે.
7. મહેનતાણાના દરો નાણાં વિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણાં વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
8. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
9. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

## ૬. નવી મશીનરી ખરીદવા અંગેની શરતો

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
4. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.
5. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
6. નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
7. નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
8. નવી મશીનરી ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
9. નાણાં વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. નવી મશીનરી ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

## ૭. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે ખરીદવા અંગેની શરતો

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ

પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

4. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણની થશે.
5. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
6. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.
7. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
8. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
9. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
10. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
11. નાણાં વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
13. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

<u>૮. મકાનોના બાંધકામ મંજુર કરવા અંગેની શરતો</u>

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
5. જમીન સંપાદન/ પુનઃ સ્થાપન કે પુનઃ વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન ,પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય

તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે
13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. સૂચિત કામો પૈકી જે કામો VBGRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VBGRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.
15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.
16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણાં મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
19. નાણાં વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાંકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાંકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
24. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
28. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
29. Road and Building Department Resolution No.RBD/OAS/e-file/16/2022/0002/ Section C Dt. 11/10/2023થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.
30. રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજુરી આપવા માટે નાણાં વિભાગના તા:૨૮.૦૩.૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:સસપ-૧૦૯૭-૧૦૯-ઝથી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેશે.
31. ઉકત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
32. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા Contractors all risk Policy (CAR)ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે
33. જે મંજુર થયેલ કામો/ બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા

બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જ્યારે નાણાં વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

ઉક્ત મંજુરી વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.શિ. અને ટે.શિ.)ની તા:૦૬/૦૬/૨૦૨૬ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ)ની તા:૧૨/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

sd/-
(આશિષ ચૌધરી)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલપતિશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ.
- એજી.શ્રીની કચેરી અમદાવાદ/રાજકોટ.
- ઉપ સચિવશ્રી, બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.